# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૮ • તા. ૧૩ ઓક્ટોબર થી ૧૯ ઓક્ટોબર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## શ્રી કચ્છી દશા ઓસવાલ ડોંબિવલી મંડળનો
## ૪૨મો સ્નેહમિલન સમારંભ ઉત્સાહભેર સંપન્ન















જ્યારે બધું જ
તમારી વિપરીત જઈ રહ્યું હોય,
ત્યારે એટલું યાદ રાખજો કે
એરોપ્લેન હવાની વિરુદ્ધ જ
ઉંડાણ ભરે છે,
હવાની સાથે નહીં.

- હેન્રી ફોર્ડ



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.

**Tel. 9769991922**
**9833406124**



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# ઉપાસનાથી ઊર્જા આપતો શક્તિ પર્વ

હિંદુ ધર્મ સંસ્કૃતિમાં ઉત્સવ ઉજવણીનો અનેરો મહિમા છે. વિવિધ દેવ, દેવી, પિતૃ, ગાય, સૂર્ય, ચંદ્ર, નાગ ઉપરાંત વિવિધ વૃક્ષને પક્ષીઓ સંલગ્ન પણ તહેવારો છે. દરેક પ્રદેશ પ્રાંત અને ત્યાંની પ્રજા પોતાના આગવા તહેવારો ધામધૂમથી ઉજવે છે. મહારાષ્ટ્રમાં ગુડી પડવો, ગણેશ ચતુર્થી, બિહારમાં છઠ પૂજા, હિમાચલ પ્રદેશમાં મહાશિવરાત્રી, તામિલનાડુમાં પોંગલ, ઝારખંડ-ઉત્તરપ્રદેશમાં હોળી, પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજા તેવી જ રીતે ગુજરાતમાં નવરાત્રી ખાસ રીતે ઉજવાય છે.

આજે ગુજરાતીઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં આ શક્તિપર્વના આરાધના ઉજવવાનું શરૂ કરેલ છે. જેમાં જે તે પ્રદેશની પૂજા પણ જોડાતી થઈ છે. નવરાત્રીએ આદ્યશક્તિની આરાધનાનું પર્વ છે. પણ બધા તહેવારોમાં જેમ શો ઓફ કરવાનો શરૂ થયુ છે. ત્યાં આ તહેવાર પણ કેમ બાકી રહે?

આસ્થાળુ લોકો પગપાળા કે સાઈકલથી દૂર દૂર માતાના સ્થાને દર્શન જવા કષ્ટ વેઠીને પહોંચે છે. તો છેલ છોગાળા યુવાઓ માત્ર મોજ ખાતર નહીં પણ દર્શકોને, નિર્ણાયકોને પ્રભાવિત કરવા માટે નવેનવ દિવસ દાંડિયા રમે છે. આ માટેની તૈયારીઓ બે પાંચમાસ અગાઉથી થઈ જાય છે. વિવિધ ભાતીગળ ડ્રેસ બનાવડાય છે કે ભાડા ઉપર લેવાય છે. મોંઘી છે. મોંઘી સિઝન પાસ લઈ ગરબા-રાસ રમાય છે. આજે આરાધના પર્વનો ઉપયોગ આર્થિક ઉર્પાજનનો થઈ ગયો છે. આ તહેવાર માત્ર ભક્તિનો નથી રહ્યો પણ ધંધાદારી હિત જાળવતો થઈ ગયો છે.

ગરબા રમતા શરીરને શ્રમ પડે છે. કસરત થાય છે. કેલેરી ઓછા થવાથી વ્યાયામ જેવો ફાયદો થાય છે. ફિટનેસ સજાગતા રાખનાર માટે આ મનગમતી એક્સસાઈઝ છે. વિતાલા જમાનામાં બેડા રાસ, તલવાર રાસ, રસ્સી રાસ, ચોટલા ગૂંથણી જેવા પ્રકાર દાંડિયા કે રાસમાં રાસમાં હતા. હવે તો મનફાવે તેમ રમવાની ઘેલછા વધતી ચાલી છે. એકબીજાના મેળથી રમીને ગ્રુપ રમે છે. એમાં અજાણ્યાને રમવાનો પણ સ્કોપ હોતો નથી. હીંચ, દોઢિયું, પોપટ, બેતાલ, ત્રિતાલ, છકડી ગરબાનો ટ્રેન્ડ છે. જેમાં દર વર્ષે નવા નવા પ્રકાર ઉમેરાતા જાય છે.

આજે આ શક્તિ પર્વ શો પર્વ થઈ ગયો છે. ઉપાસનાથી ઉર્જા પ્રાપ્ત કરવો ઉદેશ વિસરાઈ જતો ચાલ્યો છે. શક્તિ ઉપાસના દ્વારા અસુરવૃત્તિને મહાત કરવાનો મહિમા વિસરાતો જાય છે. આસુરોથી સૌનું રક્ષણ કરનાર દૈવી શક્તિ આજે પોતે અસુરોથી ઘેરાયેલી છે નાના બાળા, યૌવનાને વૃધ્ધા, અબળા કે પીડિતા બનીને સૌ અસુરોથી લડવા ઝઝૂમી રહે છે. આ સ્ત્રી શક્તિ સ્વંય શક્તિ સ્વરૂપા બનીને આત્મ શક્તિ જાગૃત કરીને સ્વંય સિધ્ધા બને તો જ આ શક્તિ પર્વની ઉજવણી સાર્થક થશે. સ્ત્રીએ પોતાનું વ્યક્તિત્વ એટલું સશક્ત બનાવવાનું છે કે કોઈ અસુર, દુષ્ટ નજર ન નાખી શકે. સ્વ. સુરક્ષાની તાલીમ મેળવી ને કે પોતાની સુજીથી જે હાજર હોય તેને હાથિયાર બનાવી જે અત્યાચારીનો અસુરતાકતનો સામનો કરવાનો બળ મેળવવાનો છે, આમ જો સ્ત્રીજ સ્વંય શક્તિ સ્વરૂપા બનશે તો અસુરોનું અસ્તિત્વ જ નહીં રહે.

યા દેવી સર્વ ભુતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા,
નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમો નમઃ

જય જ્ઞાતિમૈયા

# શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના



શ્રી કચ્છી દશા ઓશવાળ મંડળ-ડોંબિવલી દ્વારા આયોજિત અને માતુશ્રી ભારતીબેન વીરચંદ પોલડીયા (બાયઠ) હસ્તે શ્રી કેતુલ પોલડીયા (સુપ્રિમ સોફા) પરિવારના સહયોગે શનિવાર, તા ૨૯.૦૯.૨૦૧૮ના ૪૨માં સ્નેહમિલનની પૂર્વ સંધ્યાએ શ્રી અચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવેલ. શ્રી મહાકાળી માતાજીની ભકિત-ભાવના શ્રી સંજય ચૌહાણ અને સાથી કલાકારો દ્વારા સંગીતના સથવારે સુમધૂર ભકિત ગીતો રજુ કર્યા હતા.



૯૦૦ થી વધુ જ્ઞાતિજનો તેમજ આમંત્રિતો અને દાતા પરિવારો આ ભકિત ભાવનામાં પધાર્યા હતા.

સૌ પ્રથમ લાભાર્થી પરિવારના સભ્યો માતાજીને માળારોપણ તથા ચુંદડી-વેણી-પ્રસાદ ચડાવી દીપ પ્રજ્વલિત કરી મંગલ શરૂઆત કરી હતી. મંડળના ભૂતપૂર્વ પ્રમુખો સહ આમંત્રિત મહેમાનોની હાજરી હતી.



શ્રી સંજય ચૌહાણ અને સાથી કલાકારોએ પોતાની આગવી શૈલીમાં માતાજીના વિવિધ સ્તવનો રજુ કર્યા હતા જે જ્ઞાતિજનોને ખુબજ ગમ્યા હતા.

મંડળ દ્વારા દાતા પરિવારની સુકૃત કાર્યો બદ્દલ ખુબ અનુમોદ્દના સાથે તેમનું પણ પુષ્પગુચ્છ આપીને બહુમાન કરવામાં આવેલ. દાતા પરિવારે જાપ-સ્તુતિ અને આરતી ઉતારેલ. સર્વે જ્ઞાતિજનો અને પધારેલ મહેમાનો પ્રસાદ અને ચૌવિહારનો લાભ લીધેલ.



# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા શ્રી મહાકાલી માતાજીની ભાવના (૪થા પાનેથી ચાલુ)





શ્રી મહાકાળી માતાજીની ભાવનામાં ૪૨માં સ્નેહમિલનમાં શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ કરવાનો લાભ માતુશ્રી ચંદનબેન જાધવજી ધરમશી (નલીયા – ડોંબિવલી) પરિવારને પુષ્પગુચ્છ આપીને બહુમાન કરવામાં આવેલ. સૌ પ્રથમ પધારેલ ૧૦૦ ભાવિકોને લક્કી કૂપન આપવામાં આવેલ તેમજ દાંડીયા રાસ-ગરબામાં બેસ્ટ મેલ – ફીમેલ, બેસ્ટ કપલ, બેસ્ટ બાળક – બાળકી તેમજ બેસ્ટ ડ્રેસ માટેના વિવિધ ઇનામો આપવામાં આવેલ. એક બમ્પર ઇનામમાં સોફા













## શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા શ્રી મહાકાલી માતાજીની ભાવના (પાંચમા પાનેથી ચાલુ)





સેટ આપવામાં આવેલ. જે ઇનામ શ્રી રમેશ હીરજી લોડાયા (મંજલ રેલડીયા)ને ફાળે ગયેલ.

અચલગચ્છની અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાળી માતાજીની ભકિત ભાવના ધામધૂમ પૂર્વક, આનંદમય, હર્ષમયને ઉમળકાભેર સૌ જ્ઞાતિજનોએ માણીને શ્રી મહાકાળી માતાજીની જય બોલાવી ભક્તિ ભાવનાની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.









**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**



જરૂરથી વાંચો અને વિચારો

# જીવદયા... જીવદયા...

અહિંસા પરમો ધર્મ



## જૈન તેમજ દરેક સમાજને અબોલા જીવોની દર્દ ભરી પ્રાર્થના



કચ્છની ધરતી પર આપણા વડીલોએ અંદાજીત ૧૫૦ વર્ષ પહેલા
આપણી પાંજરાપોળો તેમજ કબુતરખાનાઓ બનાવ્યા. કચ્છમાં આ વર્ષે ચોમાસું નિષ્ફળ ગયું છે.
અબડાસામાં વરસાદ થયો જ નહીં દુષ્કાળના એંધાણ છે.
જીવદયા પ્રેમી જૈન તેમજ અન્ય સમાજને અબોલા ઢોરો-પક્ષીઓ
કંઇક પોતાની જીંદીગી બચાવવા આંસુ સારી પોકાર કરી રહ્યા છે.
જીવદયા પ્રેમીઓને કંઇક કહી રહ્યા છે.

**આપશ્રીઓ પાંચ મિનિટ આંખો બંધ કરી ને વિચારશો**
**તો અબોલ પશુઓનો ચિત્કાર સંભળાશે.**
**તમને પશુઓ કંઇક કહી રહ્યા હોય એવો આભાસ થશે.**

પરિસ્થિતી ખૂબજ વિકટ સર્જાઇ છે. સીમ સુકી ભઠ્ઠુ છે. તળાવ, કુવામાં પાણી નથી.
ઘાસચારો દુર ગુજરાત, મહારાષ્ટ્ર થી મંગાવવો પડે છે જે ખર્ચાળ છે પણ ઇલાજ નથી.
સરકાર તરફથી ઘાસની વ્યવસ્થા થઇ રહી છે પરંતુ સમય લાગશે.
આપણા અબડાસાની પાંજરાપોળમાં નીચે મુજબ પશુઓની સંખ્યા છે.

| જખૌ | સુથરી | તેરા | નલીયા | કોઠારા | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૨૦ | ૨૯૫ | ૨૨૦ | ૨૫૫ | ૩૬૫ | ૧૩૫૫ |

**આપ સર્વે દાનવીર દાતાશ્રીઓ, ટ્રસ્ટો, મહાજનો સંસ્થાઓને દર્દભરી વિનંતી છે કે**
**આ કપરા કાળમાં અબોલા જીવની આશિષ જરૂરથી લેશો.**

: લી. :

શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ – જખૌ......................શ્રી મહેન્દ્ર દેવજી ખોના (મે. ટ્રસ્ટી) – ૯૩૨૩૯ ૧૭૦૭૫
શ્રી સુથરી પાંજરાપોળ – સુથરી..........................શ્રી કિર્તી પદમશી લોડાયા (ટ્રસ્ટી) – ૯૮૩૩૧ ૫૨૬૯૫
શ્રી તેરા પાંજરાપોળ – તેરા..............................શ્રી નરેન્દ્રભાઇ દંડ (ટ્રસ્ટી) – ૯૦૦૪૩ ૯૧૪૧૩
શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ – નલીયા.....શ્રી મુલચંદ પદમશી મોતા (ટ્રસ્ટી) – ૯૮૪૬૨ ૧૪૨૦૩
શ્રી કોઠારા પાંજરાપોળ – કોઠારા........................શ્રી નલીનભાઇ અજાણી (ટ્રસ્ટી) – ૯૮૨૦૦ ૪૩૬૪૫

# શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી
# ૪૨મો સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્ય




રવિવાર, તા. ૩૦.૦૯.૨૦૧૮ મંડળના ૪૨મા સ્નેહમિલનની શુભ શરૂઆત સવારે ૧૦:૧૫ કલાકે એજ બેન્કવેટ હોલમાં માનવંતા મહેમાનોનું ઢોલ - શરણાઇના સુરે વાજતે - ગાજતે કંકુ-ચોખાનું તિલક કરીને મંડળના પ્રમુખશ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા), ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા) અને માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર) તેમજ મંડળના વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સર્વે સભ્યોએ અંતરની ઉર્મિઓથી ભાવભીનું સ્વાગત કર્યું હતું.

૧) સમારંભ પ્રમુખ શ્રી હીરાચંદ દામજી દંડ (મંજલ રેલડીયા - અંધેરી), ૨) અતિથિ વિશેષ શ્રી મહેશ ખીમજી લાલકા (વારાપધ્ધર - આદિપુર (કચ્છ), ૩) શ્રી મહાકાળી માતાજીની ભાવનાના દાતાશ્રી માતુશ્રી ભારતીબેન વીરચંદ પોલડીયા હસ્તે શ્રી કેતુલ વીરચંદ પોલડીયા (સુપ્રીમ સોફા), ૪) શેઠશ્રી નરશી નાથાની છબીનેહારારોપણ અને તપસ્વી બહુમાનના દાતાશ્રી માતુશ્રી ચંદનબેન જાધવજી ધરમશી (નલીયા), ૫) શૈક્ષણિક સન્માનના દાતાશ્રી બીપીન પાશ્વીર નાગડા (રંગપુર-મુલુન્ડ) ૬) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ માણેકજી મોતા (રાપર ગઢવારી - ઘાટકોપર) તેમજ દાતાશ્રી પરિવારજનો, પધારેલા મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા મંડળની વ્યવસ્થ ાપક સમિતિના સભ્યોએ નવકારશી કરી કાર્યક્રમના હોલ તરફ શુભ પ્રસ્થાન કર્યું હતું.

મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ કાર્યક્રમની શુભ શરૂઆત કરતાં સામૂહિક નવકાર મંત્રનું પઠન શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલીયા) તેમજ મહિલા સમિતિની બહેનોએ કરાવેલ તેમજ મંચ ઉપર બિરાજમાન થનાર મહાનુભાવોના હસ્તે દીપ પ્રકાશન, શ્રી મહાકાળી માતાજી, શ્રી સરસ્વતી માતાજી અને શેઠશ્રી નરશીનાથાની છબીને વાજતે - ગાજતે હારારોપણ કરવામાં આવ્યુ હતું. પ.પૂ.સાધ્વી શ્રી વંદ્નગુણાશ્રીજી મ.સા. (નવનીત નગર) મંડળની વિનંતીને માન આપી અત્રે પધાર્યા હતા. પૂજ્યશ્રીએ મંગલવાણીને માંગલિક સહ સામૂહિક ક્ષમાપના કરાવી હતી.

મંડળના માનદ્મંત્રી શ્રી મહેન્દ્ર મોતા એ મહાનુભાવોને આવકાર આપી મંચ ઉપર મંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રી અને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ બહુમાનપૂર્વક મંચ ઉપર મહાનુભાવોને બિરાજમાન કરાવ્યા હતા.




# શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી ૪૨મો સ્નેહમિલન... (૮મા પાનેથી ચાલુ)




માનદ્‌મંત્રીએ મંડળની વિવિધ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ સંક્ષિપ્તમાં રજૂ કર્યો હતો. મંડળના પ્રમુખશ્રી હેમંત ધુલ્લાએ સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષ, દાતા પરિવારો, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોને આવકાર આપી સાથ સહકારની પ્રશંસા કરી હતી.

સમારંભ પ્રમુખશ્રી હીરાચંદભાઇ દંડનું પરિચય મંડળના સહ માનદ્‌મંત્રી શ્રી વિશ્વજીત ખીમજી લોડાયા (કોઠારા) અને બહુમાન મંડળના પ્રમુખશ્રી હેમંતભાઈ ધુલ્લાએ કર્યું હતું. શ્રી હીરાચંદભાઇ શિક્ષણ પ્રેમી, ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલા અને શિસ્તપ્રેમી છે. શૈક્ષણિક પ્રસારક સમિતિ અને આપણી પોતાની અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહનું આપણા જ્ઞાતિજનોને લાભ લેવા જણાવ્યું હતું. સમારંભ અતિથિ વિશેષ શ્રી મહેશભાઈ લાલકાનું પરિચય મંડળના કોષાધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા (નલીયા) અને બહુમાન મંડળના ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્ર ડાઘાએ કર્યું હતું. શ્રી મહેશભાઇ લાલકાએ મંડળના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. કચ્છમાં જમીન સંબંધી તેમજ અમારા જેવા અન્ય કોઇપણ કામ હોય તો વિના સંકોચે સંપર્ક કરશો તેમ ભારપૂર્વક જણાવ્યું.





સમસ્ત મહાજનના જનરલ સેક્રેટરી શ્રી નિશીથ આણંદીલાલ દંડ (તેરા - વડોદરા)નું બહુમાન શ્રી હેમંત ધુલ્લા, શ્રી ભૂપેન્દ્ર શ્રી મહેન્દ્ર મોતાએ કર્યુ હતું. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરે નલીયા ખાતે જ્ઞાતિના સમ્મેલન માટેની વિશેષ માહિતી આપી હતી.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઇના પ્રમુખશ્રી કલ્પેશભાઇનું બહુમાન મંડળના માનદ્‌મંત્રી શ્રી મહેન્દ્ર મોતાએ કર્યું હતું. તેમણે મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. જ્ઞાતિજનોએ નાના મોટા કોઇપણ કાર્ય માટે નિઃસંકોચ મળી શકે છે. જ્ઞાતિના દરેક કાર્યો માટે સદાય તત્પર છીએ. આગામી આવાસ યોજનાની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.





# શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી ૪૨મો સ્નેહમિલન... (૯મા પાનેથી ચાલુ)



શૈક્ષણિક સહાયક દાતાશ્રી બીપીનભાઇ નાગડાનું બહુમાન સહમાનદ્મંત્રી શ્રી વિશ્વજીત ખીમજી લોડાયા (કોઠારા) અને શ્રી મનોજ દેવચંદ ખોના (ગોરખડી) અને વ્યવસ્થાપક સમિતિ સભ્ય શ્રી મુકેશ હીરાચંદ શિયાલ (જખૌ)એ કર્યું હતું. શ્રી બીપીનભાઇ તથા મંચસ્થ મહાનુભાવોના હસ્તે એસ.એસ.સી. અને એચ.એસ.સી. માં પ્રથમ, દ્વિતિય ક્રમાંક તેમજ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ સરસ્વતી ઉપાસકોને પુષ્પગુચ્છ અને ટ્રોફી આપવામાં આવેલ.

શ્રી મહાકાળી માતાજીની ભાવનાના દાતા પરિવાર વતીથી શ્રી કેતુલભાઇ પોલડીયાનું બહુમાન મંડળના ખજાનચી શ્રી પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા (નલીયા), શ્રી મુકેશ ખીમજી વિકમશી (સુથરી) તેમજ જ્ઞાતિદીપ તંત્રી શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા) એ કર્યું હતું.

શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ તેમજ તપસ્વી બહુમાનના દાતા માતુશ્રી ચંદનબેન જાધવજી ઘરમશી પરિવાર વતી શ્રી મુકેશ ઘરમશી, શ્રીમતી અવની - અર્જુન ઘરમશીનું સન્માન મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો શ્રી અજય હીરાચંદ શિયાડ (જખૌ), શ્રી પ્રફુલ કેશવજી નાગડા (વારાપધ્ધર), શ્રી નીલેશ શીવજી મૈશેરી (વારાપધ્ધર), શ્રી વિપુલ લખમશી મોમાયા (સાંયરા), શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલીયા) તેમજ શ્રીમતી જીજ્ઞાબેન વિજય છેડા (સુજાપર)એ કર્યું હતું. તેમના પરિવાર દ્વારા માસક્ષમણના તપસ્વી રૂચિબેન વિરચંદ લોડાયા (મંજલ રેલડીયા), હીરલબેન







હર્ષ દૌલત (સુથરી) અને શ્રી રાજેશ પ્રવિણચંદ્ર મૈશેરી (મોટી સિંધોડી) સાથે કુલ ૧૨૭ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ મે. તન-મન ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ (મુલુન્ડ) તરફથી શ્રી સમ્મેતશિખરજીની યાત્રાનું એક લક્કી ડ્રો કરવામાં આવેલ જેમાં માતુશ્રી ધનલક્ષ્મીબેન વિશનજી ઘરમશી (રંગપુર)ને લક્કી ડ્રો લાગેલ. આ પ્રસંગે લાભાર્થી પરિવાર તરફથી દરેક તપસ્વીઓને અનુમોદ્ના રૂપે ભેટ આપવામાં આવેલ.

ઉત્કર્ષ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી હીરાચંદ દંડ તેમજ શ્રી મોતીચંદ લાલજી ખોના (નલીયા)નું મંડળના શ્રી સંજય મણિલાલ







# શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી ૪૨મો સ્નેહમિલન... (૧૦મા પાનેથી ચાલુ)



નાગડા અને શ્રી કલ્પેશ ખુશાલચંદ ધરમશી (કોઠારા) તેમજ શ્રી ગીરીશ માણેકજી નાગડા (નલીયા) દ્વારા બહુમાન કરવામાં આવેલ તેમજ આ પ્રસંગે નલીયા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી શ્રી મોતીચંદ ખોના અને શ્રી વીરેન્દ્ર ભવાનજી લોડાયા (નલીયા) તરફથી કોઠારા, જખૌ, નલીયા, તેરા અને સુથરીની પાંજરાપોળ માટે રૂ.૧,૨૫,૦૦૦/- (ગામદીઠ) દાન આપવાની જાહેરાત કરવામાં આવેલ.

મંડળ દ્વારા સ્વાભિમાન લગ્ન તેમજ ડોંબિવલીના જ્ઞાતિજનો માટે વિવિધ લક્ષી હોલ (બેન્કવેટ) પી.પી.ટી. દ્વારા માહિતી આપેલ તેમજ સ્વાભિમાન લગ્નમાં ભાગ લેનાર વર - વધુને લગ્ન પ્રસંગે ઉપયોગી ચીજ વસ્તુઓની ડિસ્કાઉન્ટ કૂપનવાળી બુકલેટનું વિમોચન કરવામાં આવેલ તેમજ આ બુકલેટ લગ્ન નોંધણી થયેલ વર વધુને આપવામાં આવશે.

સંપૂર્ણ કાર્યક્રમનું સૂત્ર સંચાલન મંડળના માનદ્‌મંત્રી શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર) તેમજ શ્રી વિજય વિશનજી સોની (વાંકુ)એ સુંદર રીતે કરેલ.

૪૨મા સ્નેહમિલનમાં મંડળના ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇએ આભારવિધિ કરતાં કહ્યું કે સ્વાગત સમિતિ, રસોડા સમિતિ, મહિલા સમિતિ, રજીસ્ટ્રેશન સમિતિ તેમજ પ્રત્યક્ષ / પરોક્ષ અને નામી - અનામી દરેકનું આ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું એ બદલ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

૪૨મા સ્નેહમિલનમાં જ્ઞાતિજનો, મહાજનો, ટ્રસ્ટીઓ, મંડળો, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના પદાધિકારીઓ અંદાજે ૨૧૦૦થી વધારે હાજરી હતી. સ્વામિવાત્સલ્ય પછી બાકીના તપસ્વીઓનું બહુમાનમાં નયના આચાર્યે તપસ્વી સાંજીના ગીતો રજૂ કરીને રમઝટ જમાવી હતી. બપોરની ચા-પાણી અને રાસ-ગરબા મન મૂકીને માણ્યા હતા. આગામી ૪૪માં સ્નેહમિલનમાં શ્રી મહાકાળી માતાજીની ભક્તિભાવના, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ તથા તપસ્વીઓનું બહુમાનના લાભાર્થી પરિવારના નામની જય બોલાવવામાં આવી હતી.

શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીનું શિરમોર કાર્યક્રમમાં વ્યવસ્થાપક સમિતિના હાજર રહેલા સર્વે સભ્યોના સાથ-સહકારથી ૪૨મું સ્નેહમિલન, શ્રી મહાકાળી માતાજીની ભાવના, તપસ્વી બહુમાન, શૈક્ષણિક સન્માન, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ સહ સ્વામિવાત્સલ્યના કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ.





# પ્રતિભાવ

## સફળતાની શાન!

જ્ઞાતિમૈયા છે સમસ્ત જ્ઞાતિની શાન

તિરંગો ધ્વજ છે ભારત દેશની શાન

મૈયા(માતા) છે સમસ્ત પરિવારની શાન

યા હોમ વરીને પડ્યા છો તો સંમેલન

છે સફળતાની શાન



– શાંતીલાલ
રામજી લાલકા
(હુબલી)

## 'આગામી તહેવારોમાં કચ્છની વસ્તુઓ ખરીદી અને દુષ્કાળગ્રસ્તોને મદદરૂપ થઈએ'



આપણે સૌ જાણીએ છીએ કે અપૂરતા વરસાદને કારણે સમગ્ર કચ્છ જિલ્લાને ગુજરાત સરકાર દ્વારા અછત ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરાયો છે. આગામી સમય પશુપક્ષી તેમજ માનવ જીવ માટે દુષ્કર રહેવાનું છે આપણે આ સૌને મદદરૂપ થઈ શકીએ એ માટે આવનારા તહેવારો પ્રસંગે જે પણ કંઈ મીઠાઈ ફરસાણ, દીવા, તોરણ, કપડાં, ડ્રેસ કે બાંધણી, અજરખ, હસ્તકલા કારીગરીની વસ્તુઓ ગીફ્ટ આઈટમ્ઝ ખરીદીએ કચ્છમાં ઉત્પાદિત કચ્છીઓ દ્વારા બનાવેલ આઈટમો ખરીદીએ જેથી આપણા કચ્છી ભાઈઓને કંઈ અંશે મદદરૂપ થઈ શકીએ.

– જસ્મીન છેડા

## ભરો ફોર્મ... ઓનલાઈન : નારી શક્તિ ૨૦૧૮ રજીસ્ટ્રેશન લીંક

https://docs.google.com/forms/d/e/1FAIpQLSfCpag5hr46HHZQE3XLCfB5OaGRV_DUxgkv6_Vg4P8r_ywN_g/viewform

ઓપન કરી અને ફોર્મ સબમીટ ૨૫ ઓક્ટોબર ૨૦૧૮ સુધી કરશો.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

### નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

### તાઃ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા – ૯૭૬૯૯ ૯૧૯૨૨**

# તેરા પાંજરાપોળની મદદ માટે ટહેલ

ગુજરાત રાજ્યનાં કચ્છ જીલ્લામાં અબડાસા તાલુકામાં તેરા ગામે ૧૪૨ વર્ષથી પાંજરાપોળમાં જીવદયાનું કાર્ય કરવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી અનિયમિત વરસાદનાં લીધે અને ચાલુ સાલે હજુ સુધી વિસ્તારમાં વરસાદ થયેલ નથી. જેના કારણે મૂંગા-અબોલ પશુઓ માટે ઘાસચારાની તીવ્ર અછત વર્તાઈ રહી છે.

અહીંયા સ્થાનિકે કચ્છમાં ક્યાં પણ ઘાસચારો વેંચાતો મળતો નથી. જેથી મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશથી સુકો ઘાસ મંગાવવો પડે છે. જે ટ્રાન્સપોર્ટ ભાડાના કારણે બહુ જ મોંઘો પડે છે. એ સંજોગોમાં પાંજરાપોળનો આર્થિક નાણાંભીડ સતાવી રહી છે. તેથી આપને નમ્ર વિનંતી છે કે આપનાં તરફથી કે આપનાં સ્નેહી અથવા જીવદયા પ્રેમીઓ તરફથી જીવદયાના કાર્ય માટે અનુદાન મળી રહે એવી ભાવના છે. ગૌ સેવાના કાર્યમાં આપનો અમૂલ્ય ફાળો ગૌજીવને બચાવવા મદદ કરશે.

દાનની રકમ ઈન્કમટેક્સ કલમ ૮૦(જી) હેઠળ કરમાફ પાત્ર છે.

Bank Details : **Shree Tera Panjrapole Tera -** State Bank of India, Naliya Branch, **Bank A/c No.:** 10933790470, **IFSC Code :** SBIN0000438


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા






# સર્વોદય મંડળ મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન યોજાશે

જ્ઞાતિમાં વિદ્યાર્થીઓના પાયાના ચણતર પ્રત્યે આદરાંજલિ અર્પણ કરતા અને શૈક્ષણિક લક્ષ્યાંક પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થી છાત્રોનું સરસ્વતી સન્માન રવિવાર તા.૨૮-૧૦-૨૦૧૮, બપોરે ૩ કલાકે ફ્રેન્ડ્સ કો.ઓ. એજ્યુકેશન સોસાયટી હૉલ, એલબીએસ રોડ, મુલુંડ(વેસ્ટ) મધ્યે યોજવામાં આવ્યો છે. સરસ્વતી સન્માન સમારોહ બાદ સર્વોદય મંડળના મહિલા વિભાગનો વાર્ષિક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને સૌનું ઉત્સાહ વધારવા ઉપસ્થિત રહેવા આમંત્રણ છે. સન્માન પાત્રતા માટે નીચે મુજબ કેટેગરી રખાઈ છે.

ધોરણ ૧ થી ૫ - ૮૫ ટકા કે એથી વધુ માર્ક, ધોરણ ૬ થી ૯ - ૮૦ ટકા કે એથી વધુ માર્ક, ધોરણ ૧૧ થી ૧૨ - ૭૫ ટકા કે એથી વધુ માર્ક, ધોરણ ૧૩ થી ૧૫ - ૬૦ ટકા કે એથી વધુ માર્ક. આ ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં ઉત્તીર્ણ થયેલ સર્વે વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. ઉપરોક્ત સર્વે શ્રેણીમાં અરજી કરવા મંડળની વેબસાઈટ - www.kdosarvodaymandal.org પર સરસ્વતી સન્માન કાર્યક્રમમાં રહેલ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મની સાથે રિઝલ્ટની કોપી અપલોડ કરવાની રહેશે. અરજી કરવાની અંતિમ તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૧૮ સુધીની છે.

# રાણપર શ્રી મહાવીર સ્વામી જિનાલયની પ્રતિષ્ઠા માટેના ચડાવા

શ્રી મહાવીર સ્વામી જિનાલય, રાણપર (કચ્છ)ની પ્રતિષ્ઠાના ચડાવા ગુરૂવાર તા.૧૮.૧૦.૨૦૧૮ (દશેરા)ના શુભદિને સવારના ૯.૦૦ વાગ્યાથી શેઠશ્રી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ), લેવામાં આવશે સર્વે જ્ઞાતિજનોને આ પ્રસંગે પધારવા આમંત્રણ છે. જરૂરથી સમયસર પધારશોજી. - મુંબઈ મહાજન/અનંતનાથ ટ્રસ્ટ

# જૈન દેરાસર સુજાપુર (કચ્છ) ખાતે ધ્વજા મહોત્સવ કાર્યક્રમ

શ્રી કચ્છ સુજાપુર અજીતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટનો ધ્વજા મહોત્સવ મહા સુદ ૬ તા. ૧૦/૦૨/૨૦૧૯ ને રવિવારના યોજાયલ છે. સવારના ૮.૦૦ કલાકે અઢાર અભિષેક દરમ્યાન ધ્વજાનો આદેશ આપવામાં આવશે, ૧૦.૩૦ કલાકે સત્તરભેદિ પૂજા, ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ અવસરનો લાભ જરૂરથી લેશોજી.




*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to multiply our business Opportunities.

## Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.



# સર્વોદય મંડળ દ્વારા પાવાગઢ અને મણીલક્ષ્મી તીર્થ યાત્રા પ્રવાસ



અચલગચ્છ અધિષ્ઠાયિકા માઁ મહાકાળી માતાજીની ભાવનાના સ્વર્ણિમ વર્ષ નિમિતે મંડળના નેજા હેઠળ તા.૨૭-૯-૨૦૧૮ના પાવાગઢ અને મણીલક્ષ્મી તીર્થના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ.

પૂ.યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં ૭૦ યાત્રિકોએ તા.૨૬-૯-૨૦૧૮ના રાત્રે બરોડા એક્સપ્રેસ દ્વારા પ્રયાણ કર્યું. સવારના પાવાગઢમાં નવકારશી તથા સેવાપૂજા કર્યા બાદ સર્વ યાત્રિકો રોપવે દ્વારા મહાકાળી માતાના દરબારમાં હાજર થયા હતા. અધિષ્ઠાયિકા દેવી માઁ મહાકાળી માતાજીની ભાવના ભણાવવા માટે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રત્યેક યાત્રિકે માતાજી સમક્ષ વારાફરતી હાજર રહી આર્શિવાદ મેળવ્યા હતા અને ભક્તિ કરી હતી.

બપોરના ભોજન બાદ સૌ યાત્રિકોએ બસ દ્વારા શ્રી મણીલક્ષ્મી તીર્થના દર્શન માટે પ્રયાણ કર્યું. સૌએ દર્શન બાદ સામુહિક ચૈત્યવંદન કરેલ અને ચૌવિહારનો લાભ લઈ વડોદરા તરફ પ્રયાણ કર્યું. મંડળના ભૂતપૂર્વ એવમ પ્રવર્તમાન પદાધિકારીઓનું બહુમાન કરવામાં આવેલ.

યાત્રા પ્રવાસમાં જોડાયેલ સૌ યાત્રિકોએ મંડળના કાર્યકરોની સુંદર વ્યવસ્થા બદલ આભાર માનેલ. ભવિષ્યમાં પણ આવા સુંદર આયોજન કરવા વિનંતી કરેલ. શ્રી મહાકાળી માતાજીની જય બોલાવી સૌ સવારના છુટા પડયા હતા.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી અંકુશ મિત્રમંડળ ડોંબિવલીનો નવરાત્ર ઉત્સવ




છેલ્લા સતત ૩૪ વર્ષથી ડોંબિવલી (પશ્ચિમ)ના ગાંવદેવી ચોકમાં ડોંબિવલીમાં વસતા ક.દ.ઓ.જ્ઞાતિજનો દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવની શરૂઆત થઈ જેમાં રોજે રોજ યોજાયેલ નવલા નોરતા રાસ ગરબાના રમઝટમાં જયહિંદ કોલોની ગાંવદેવી, આનંદ નગર વિસ્તારના જ્ઞાતિ ભાઈ બહેનો તેમજ માડી ભક્તો જોડાઈ ભક્તિ અને ધર્મની આરાધના કરી રહ્યાં છે. તેમજ રોજે રોજ ઉત્કૃષ્ટ ખૈલેયાને શ્રી મુકેશ ગણેશ મ્હાત્રે તરફથી ઈનામ આપવામાં આવે છે.

નવરાત્ર મહોત્સવ દરમ્યાન સખી દાતાઓ દ્વારા ઉત્સાહપૂર્વક સહયોગ અપાઈ સહકાર્યમાં લક્ષ્મીનો સદ્‌પયોગ થઈ રહ્યો છે. દાતાશ્રી ઓની નામાવલી નીચે મુજબ છે.

૧) ગરબા તથા ચુંદડીના દાતાશ્રી પરિવાર-માતુશ્રી વેલબાઈ પોપટલાલ દંડ, નાની ખાવડી ડોંબિવલી

૨) માતાજીના પુજાપા સામગ્રીના દાતાશ્રી પરિવાર-માતુશ્રી પ્રેમિલાબેન શિવજી ધરમશી હ. રાજેશ શીવજી ધરમશી

૩) માતાજીના ઘીના દાતાશ્રી પરિવાર-માતુશ્રી ચંદનબેન દામજી ખોના હ. જયેશ ખોના, સુથરી-ડોંબિવલી

૪) માતાજીના ફુલહારના દાતાશ્રી પરિવાર-માતુશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના, મોટી ખાવડી-મુલુંડ

૫) આઠમના રાત્રે દૂધ-પ્રસાદના દાતાશ્રી પરિવાર-માતુશ્રી પ્રેમાબેન ભવાનજી લધાભાઈ લોડાયા, દલતુંગી-ડોંબિવલી હ. પુષ્પાબેન વિનોદ લોડાયા તથા વિજયાબેન કાંતિલાલ લોડાયા

૬) નવરાત્ર દરમ્યાન દરરોજ ચા પાણીના દાતાશ્રી પરિવાર-શ્રીમતી જયાબેન દિનેશ લખમશી ધરમશી, ગોરખડી-ડોંબિવલી

૭) મેઈન ગેટના દાતાશ્રી પરિવાર મે.ઈલમ બેટરીઝ હ. અ.સૌ.બીજલ કિશોર રમેશ ધરમશી, રંગપુર-ડોંબિવલી.

૮) નવરાત્રી દરમ્યાન પીપરમેન્ટ/ચોકલેટના દાતાશ્રી પરિવાર-માતુશ્રી બાયાંબાઈ ગોવિંદજી લોડાયા હ.અ.સૌ. અનિતા જીવરાજ લોડાયા, મોટી ખાવડી-થાણા

૯) નવરાત્રી દરમ્યાન બિસ્લેરી પાણીના દાતાશ્રી પરિવાર-માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા, મોટી ખાવડી-ઘાટકોપર

શ્રી અંકુશ મિત્ર મંડળ ઉદાર દિલ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કરી અનુમોદના કરે છે.






# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**NAME : BHAVESH N. SHAH (DAND)**

**DATE OF BIRTH :** 04/12/1986

**WEIGHT :** 67KG.

**HEIGHT :** 5FT 8 INCH.

**PLACE OF BIRTH :** MUMBAI.

**QUALIFICATION :** MBA IN FINANCE.

**MEDIUM OF LEARNING :** ENGLISH MEDIUM.

**JOB :** BUSINESS (BROKER\STOCK MARKET).

**HOBBIES :** PLAYING CRICKET AND READING BOOKS.

**MOBILE NO. :** 9892969176

**FAMILY BACKGROUND :**

**FATHER :** NARENDRA DHANJI SHAH (DAND).

**MOTHER :** PRITI NARENDRA SHAH (DAND).

**SIBLINGS :** 1 SISTER

BINAL NARENDRA SHAH (UNMARRIED)

**GRAND FATHER :** DHANJI PADAMSHI DAND.

**GRAND MOTHER :** MURBAI DHANJI DAND.

**NATIVE PLACE :** BHARUDIA (SAURASHTRA)

**ADDRESS :** 616/P, LAXMI BLDG, ROOM MO. 28, 2ND FLOOR, N.M.JOSHI MARG, BYCULLA (WEST), MUMBAI – 400027. (UNDER REDEVELOPMENT)

**TEMPERORY ADDRESS :** 3/52, SARASWATI BLDG, DR. S.S.RAO ROAD, OPP MANEK KUNJ, LALBAUG, MUMBAI – 400012.

**Gyatimaiya KDO Mahajan Code No. B-5**



**PERSONAL DETAILS**

**Name : Indira Khushalchand Meisheri**

**Nick Name : Lavina**

**Birth Date : 9th March 1992**

**Birth Time : 23:10 (Thane-Mumbai)**

**Height : 5.5**

**Weight : 51kg**

**Native : Jakkhau-Kutch**

**Contact : 86526688717 / 8452896166**

**Hobby : Playing Badminton, Chess, Shopping, Watching movies, Listening Music, Exploring New places, etc.**

**EDUCATIONAL QUALIFICATION**

**Education : B.Com in Banking and Insurance, B.ED-English & Maths, M.Com-1, Competitive Exams(IBPS)**

**Occupation : Self Employed (Home Tuitions & Private Tuitions)**

**Address : Kalwa (W), Thane, 400605.**

**FAMILY DETAIL**

**Father : Mr. Khushalchand Hirji Meisheri**

**Mother : Mrs. Rajani Khushalchand Meisheri**

**Brother : Mast. Viabhav Khushalchand Meisheri**

**Gyatimaiya KDO Mahajan Code No. G-5**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ આયોજિત ચૈત્યપરિપાટી





શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગાંધીધામ દ્વારા તા ૨૩/૦૯/૨૦૧૮ ને રવિવાર ના ચૈત્યપરીપાટી નું સુંદર આયોજન કરવા માં આવેલ જેમાં ૧૬૫ જ્ઞાતિજનો  જોડાયા હતા વહેલી સવારે ૫-૦૦ વાગે આદિપુરથી શ્રી આદિનાથ ભગવાન ના દર્શન કરી સંઘે ૩ બસો અને અન્ય વાહનો થી પ્રયાણ કરેલ  તલવાણા ગામે પ.પુ.સા.શ્રી હંસાવલીશ્રી મ.સા.આદિ ઠાણા,રાયણ ગામે શ્રી પ.પુ. સા શ્રી કુમુદકિરણાશ્રી મ.સા.આદિ ઠાણા, ડોણ ગામે પ.પુ સા શ્રી વીરગુણાશ્રી મ.સા,ગૌતમગુણાશ્રી મ..સા. આદિ ઠાણા ને દર્શન વંદન કરી ગઢશીશા ગામે ગયેલ જ્યાં અચલગચ્છાધીપતી તપચર્ક્વતી પ.પુ.આ.ભ. ગુણોદયસાગર સુરીશ્રૂરજી મ.સા.ના ૮૭ માં જન્મ દિવસ ના પ્રોગ્રામ માં હાજરી આપી એમના આર્શીવચન મેળવેલ તેમજ પ.પુ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસુરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ના દર્શન વંદન કરી આગળ પ્રયાણ કરેલ ત્યાંથી દેવપર






ગામે પ.પુ.સા રમ્યગુણાશ્રી,અનંતગુણાશ્રી મ.સા.આદિ ઠાણા,સાયરા ગામે પ.પુ. સા ચારુપ્રજ્ઞાશ્રી મ.સા,અનંતયશાશ્રી મ.સા. આદિ ઠાણા,સાધવ ગામે પ.પુ.શ્રી પાવનગુણાશ્રી મ.સા,કોવઈ નગર ભુજ પ.પુ.મુનિરાજશ્રી કંચનસાગર મ.સા. ને દર્શન વંદન કરી રાત્રે ૧૧-૦૦ કલાકે ગાંધીધામ પરત આવેલ રસ્તા માં સ્તવન અને ધાર્મિક અંતાક્ષરી ની રમઝટ સાથે યાદગાર યાત્રા પરિપૂર્ણ થયેલ ગામેગામ ના મહાજનો દ્વારા સંઘપતિ શ્રી નવીનભાઈ ચાંપશી શાહ નું બહુમાન કરવામાં આવેલ  ચૈત્યપરીપાટી નો સંપૂર્ણ લાભ શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી ચાંપશી જેઠાભાઈ શાહ (લોડાયા) પરિવાર સુથરી-આદિપુર વાલા એ લીધેલ. યાત્રા ને સફળ બનાવવા ગાંધીધામ ના યુવા કાર્યકરો એ બહુજ જહેમત ઉઠાવેલ.





# કોઠારા પાંજરાપોળના પશુધનને બચાવવા પાંચ લાખ એકઠા કરાયા



શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ મુંબઈ દ્વારા ૩૯મું સામૂહિક ક્ષમાપના, સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય, તપસ્વીઓનું બહુમાન, શૈક્ષણિક સન્માન કાર્યક્રમ જૈનમ્ બેંકવેટ હોલ ભાંડુપ મધ્યે યોજાયો હતો. કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન પ્રવીણભાઈ શામજી ધરમશીએ જ્યારે અતિથિ વિશેષ પદ તરૂણભાઈ રતનશી લોડાયા, હીરાચંદભાઈ દામજી દંડ, તેમજ નલીનભાઈ અજાણી, હેમંતભાઈ અજાણી, મયંક રૂપેન ધુલ્લા, અનીતા ધરમશી, દીનેશ અજાણી તથા અનીલ મોતાએ શોભાવ્યું હતું.

પ્રારંભે પૂ.સા.શ્રી તારકગુણાશ્રીજી મ.સા.એ માંગલિક શ્રવણ કરાવતા મૈત્રી અને સંગઠનનો સંદેશો આપ્યો હતો. લક્ષ્મીબેન વિકમશીએ સ્વાગત ગીત રજુ કરેલ. શાંતિનાથ પ્રભુજીની છબીને હારારોપણ કરવામાં આવેલ. મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દિપપ્રાગટ્ય કરવામાં આવેલ. તપસ્વીઓના તપની અનુમોદના કરી તેમનું બહુમાન કરવામાં આવેલ. ટ્રસ્ટી સ્વ. શ્રી દેવજીભાઈ પાલાણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. શ્રી કોઠારા જૈન મિત્ર મંડળના પ્રમુખ શ્રી હેમંતભાઈ અજાણીએ સ્વાગત પ્રવચન કરી સૌને મીઠડો આવકાર આપી મંડળની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. તેમજ આ સ્નેહમિલનને પ્રેમ, લાગણી, સદ્ભાવનાનો મેળો ગણાવ્યો હતો. કોઠારા મહાજનશ્રીના પ્રમુખ શ્રી નલીનભાઈ અજાણીએ મહાજન શ્રી સંચાલિત સંસ્થાઓની માહિતી આપી હતી અને કચ્છમાં દુષ્કાળની સ્થિતિ હોઈ પાંજરાપોળ સંસ્થાને મદદરૂપ બનવા સૌને અપીલ કરી હતી.

આ પ્રસંગે જ્ઞાતિની ૧૦૦ વર્ષ પૂરા કરેલ, તેમજ અનેક એવોર્ડ પ્રાપ્ત કરેલ. પેઢી કે.એન.અજાણી ફર્મના નલીનભાઈ કે. અજાણીનું સન્માનપત્ર અર્પણ કરી શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા કોઠારા રત્ન એવોર્ડથી બહુમાન કરવામાં આવેલ.

શિક્ષણક્ષેત્રે અનેરી જ્યોત જલાવનાર સી.એ.ની પરીક્ષામાં ઓલ ઈન્ડિયા લેવલે ૪૫મો ક્રમાંક મેળવનાર જ્ઞાતિના તેજસ્વી તારલા યુવાન મયંક રૂપે ન ધુલ્લાનું વિશિષ્ટ બહુમાન કરી તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવેલ.

સમારોહ અતિથિ શ્રી તરૂણભાઈએ ૩૯ વર્ષથી કરવામાં આવતા આયોજનને બિરદાવી આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. અતિથિ હીરાચંદભાઈ દંડે જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ અને અરિહંત બેંકની પ્રગતિની સમજ પૂરી પાડી હતી.

યુવા અગ્રણી મયંક રૂપેન ધુલ્લાએ જણાવ્યું હતું કે, આગળ આવી સમાજના વિદ્યાર્થીઓને મદદરૂપ બનીશ. વિદ્યાર્થી ઓને શિક્ષણક્ષેત્રે આગળ આવવા સમજ આપી હતી.

મહિલા મંડળનો અહેવાલ અનીતાબેન ધરમશીએ રજુ કર્યો હતો. કોઠારા મધ્યે પર્યુષણ મહાપર્વની ઉજવણીનો અહેવાલ દિનેશ અજાણીએ રજૂ કરેલ. સમારંભ અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ શામજી ધરમશીએ જણાવ્યું હતું કે, પ્રવૃત્તિ ટકાવી રાખવી અઘરૂં કાર્ય છે. આજે ૩૯ વર્ષથી થતું કાર્ય અનુમોદનીય છે.

બપોરે ગામના વાર્ષિક પરીક્ષામાં ઉર્તિણ થયેલ. વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહન આપવા શૈક્ષણિક સન્માન કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિવિધ દાતાશ્રીઓ દ્વારા કોઠારા પાંજરાપોળને રૂા.૫ લાખનું અનુદાન જાહેર કરાયું હતું. સુશીલાબેન ચંદુલાલે પોતાના વિચારો રજુ કર્યા હતા.

આ પ્રસંગે જનકભાઈ દંડ, પ્રબોધ મુનવર, રજનીકાન્ત ઠક્કર, પંકજભાઈ પલણ, વલ્લભદાસ ઠક્કર, સોમચંદ લોડાયા, મણીલાલ નાગડા, પ્રવીણ ટી. લોડાયા, મણીલાલ શાહ, વીરચંદ ધરમશી, માણેકજીભાઈ ભાટે, હીરાચંદ મૈશેરી, કેતન લોડાયા તથા સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંદેશા વાંચન અનીલ મોતાએ કરેલ.

કાર્યક્રમનું સંચાલન કલ્પનાબેન ધરમશી અને પ્રીત ધરમશીએ જ્યારે આભાર દર્શન ખીરણ લોડાયાએ કરેલ. વ્યવસ્થામાં રાયચંદ લોડાયા, લહેરચંદ લોડાયા, ઝવેરચંદ ધરમશી, અનિલ મોતા, ચંદ્રકાંત લોડાયા, ધીરજ દંડ, રતિલાલ નાગડા તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

**જ્ઞાતિમૈયા** માં

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



- Exclusive Gharchola
- Bandhani
- Patola • Panetar
- Chaniya Choli
- Designer Saree

જ્યોતિ

Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed


# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચર્તુથ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**

# જૈન સમાજોએ સંગઠિત થઈ આદરેલી 'સેવ શિખરજી' ઝુંબેશ

## ઝારખંડના મુખ્ય પ્રધાને ત્રણ વર્ષ પૂર્વે જૈન સમાજને આપેલાં વચનો પૂરાં કરવાની જૈનોની અપીલ અને પહાડને પૂજાસ્થળ ઘોષિત કરવાની માંગ

ભારતના ઝારખંડ રાજ્યના ગિરીડીહ જિલ્લામાં આવેલા શિખરજી પર્વતને બચાવવા સમગ્ર જૈન સમાજે 'સેવ શિખરજી' આંદોલન શરૂ કરેલ છે. સપ્ટેમ્બર ૨૦૧૫માં ઝારખંડના મુખ્યપ્રધાન રઘુવરદાસે જૈન સમાજને આપેલા વચનો પૂરા કરવા અને પર્વતને ''પૂજાસ્થળ'' તરીકે જાહેર કરવાની જૈન સમાજે માગણી કરી છે.




શિખરજી પર્વત શૃંખલા જે પારસનાથ પર્વતના નામથી મશહૂર છે તે આધુનિક ઇતિહાસના પ્રારંભ પૂર્વેથી આધ્યાત્મિક, સંસ્કૃતક અને ધાર્મિક મહત્વ ધરાવે છે. અત્રે ૧૬મી સદી પૂર્વેના સુંસ્કતભાષામાં શિલાલેખ હોવાના પુરાવા મળ્યા છે.

'સેવ શિખરજી' ઝુંબેશ ભારતના આ રાષ્ટ્રીય ખજાનાના આધ્યાત્મિક મહત્વને ઉજાગર કરતું એક અભિયાન છે. જૈનોના ૨૪ તીર્થંકર ભગવંતોમાંથી ૨૦ તીર્થંકરો આ ભૂમિ પર નિર્વાણ પામ્યા છે. આ ઉપરાંત અન્ય પણ લાખો મહાત્માઓ અત્રેથી મોક્ષ પામ્યા છે. આજે પણ જૈનો સંપૂર્ણ પારસનાથ પહાડની ૨૭ કિલોમીટરની પરિક્રમા પૂરી શ્રદ્ધા સાથે કરે છે.

મધુવનનાં જંગલોમાં સ્થિત આ તીર્થમાં લોકો આધ્યાત્મિક જાગરૂકતાનો અનુભવ કરી સકારાત્મક અને શાંતિપૂર્ણ જીવનનો લ્હાવો માણી શકે છે. આમ છતાં દુર્ભાગ્યની વાત છે કે આ પ્રકૃતિરમ્ય જંગલોની ઉપેક્ષા કરાઈ રહી છે. આ જંગલોનું વ્યવસાયિક શોષણ થવાનું જોખમ પણ ઊભું થયું છે. આને બચાવવા સૌએ હવે સક્રિય બનવાની જરૂરત છે.

સપ્ટેમ્બર ૨૦૧૫માં ઝારખંડના મુખ્ય પ્રધાન રઘુવરદાસે જાહેરમાં ઉદઘોષણા કરી હતી કે આ શિખરજીને આંતરરાષ્ટ્રીય સ્તર પર આધ્યાત્મિકતા અને જ્ઞાન પ્રાપ્તિના સ્થળ તરીકે વિકસિત કરશે. તેમણે જૈન પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતાં કહ્યું હતું કે પહાડની પવિત્રતા સુરક્ષિત રાખવા ઉપરાંત તેની પૂજ્યતા સાથે છેડછાડ કર્યા વગર મૂળભૂત સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે.

તેમણે કરેલા આ વાયદાઓનો ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૫ના ટાઇમ્સ ઑફ ઈન્ડિયામાં ઉલ્લેખ છે. વધુ વિગત http:/bit.ly/cmstatement લિન્ક જોવાથી જાણી શકાશે.

ત્રણ વર્ષ વીતી ગયાં છે, પણ મુખ્ય પ્રધાન રઘુવરદાસની ઘોષણાઓ આજે પણ Red Tape અને Bureaucracyમાં અટવાયેલી પડી છે. આને રાજ્ય સરકાર તરફથી કાર્યાન્વિત કરવા માટે કોઈ ઔપચારિક ગતિવિધિ થઈ નથી.

સરકાર દ્વારા શિખરજીને ''પૂજાસ્થળ'' ઘોષિત કરવામાં થતા વિલંબના કારણે આ સ્થાનનું વાણિજ્યિક શોષણ અને શહેરીકરણ થઈ રહ્યું છે. આના કારણે આ સ્થળ પોતાની આધ્યાત્મિક પવિત્રતા ગુમાવી રહ્યું છે.

શિખરજી પર્વતને ''પૂજાસ્થળ'' જાહેર કરવાથી ઘણા ફાયદાઓ થશે. શિખરજી પર્વતને પૂજાસ્થળ જાહેપ કરવાથી ઘણા ફાયદાઓ થશે. રાષ્ટ્રની આધ્યાત્મિક ધરોહર અને સાંસ્કૃતિક ખજાનાનું સંરક્ષણ થશે. શાંતિ અને સહિષ્ણુતાના સંદેશને વેગ મળશે. ઈતિહાસને સુરક્ષિત કરી બરબાદ થવાથી બચાવી શકાશે. મધુબન વન સીમાના વન્યજીવનની રક્ષામાં પણ

## જૈન સમાજોએ સંગઠિત થઈ આદરેલી 'સેવ શિખરજી' ઝુંબેશ... (૨૨ મા પાનેથી ચાલુ)

સહાયતા થશે. વન અને વન્ય જીવનને સ્થાનક લોકોની આજીવિકાનું સાધન બનાવી સ્થાનીય અર્થવ્યવસ્થાને વધારી શકાશે. માનવજાતિને આધ્યાત્મિક આલંબને નિર્વાણ પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહન મળશે.

સમગ્ર જૈન સમાજ ઝારખંડ સરકારને અપીલ કરે છે કે ૨૦૧૫માં સરકારે કરેલા પોતાના વાયદાઓને પૂરા કરે અને શિખરજીની પવિત્રતાને બચાવવા માટે તેને ત્વરિત પૂજાસ્થળ તરીકે જાહેર કરે.

જૈન સમાજ ભારતના દરેક નાગરિકને અપીલ કરે છે કે તેઓ www.saveshikharji.com ઉપર યાચિકા પર હસ્તાક્ષર કરી અને હેશટેગ #save shikharji નો ઉપયોગ કરી તેને પોતાના સોશિયલ મીડિયા પર પ્રસારિત કરે. આથી જૈનોના આ અમૂલ્ય આધ્યાત્મિક ધરોહરની રક્ષા કરવામાં અને તેનો પ્રચાર કરવામાં સહાયતા મળશે.

'સેવ શિખરજી' ઝુંબેશ એ જૈન સમુદાયને લાભ કમાવાનું સાધન નથી, પણ આ અભિયાન પૂરી માનવજાતિને અપીલ કરે છે કે તેઓ પવિત્ર સ્થાનને બચાવવા માટે સંગઠિત થઈ અવાજ ઉઠાવે. જેથી સરકાર જલદી શિખરજી પર્વતને ''પૂજાસ્થળ''નો દરજ્જો પ્રદાન કરે.

શિખરજી ગિરીરાજ ૨૦ તીર્થંકર ભગવંતોની નિર્વાણભૂમિ હોવાથી જૈનોના પૂજાસ્થળ અને આસ્થાનું શીર્ષ પ્રતીક છે. અન્ય અગિણત મુનિઓ, મહાત્માઓએ પહાડ પર સાધના કરી મોક્ષ પ્રાપ્ત કરેલ છે. તેમના વિશુદ્ધ આત્માઓની અતુલનીય સંકલ્પશક્તિઓથી આ પાવન પર્વતના કણ કણમાં આધ્યાત્મિક સ્પંદન પ્રવાહિત થાય છે. આથી માત્ર મંદિર સંકુલ જ નહીં, પણ સંપૂર્ણ પહાડ અને તેના કણકણ પવિત્ર અને પૂજનીય છે. હવે આવી પવિત્ર ભૂમિનું પુનઃનિર્માણ અસંભવ છે. આનું જતન અને સંરક્ષણ કરવાનું સૌનું પરમ કર્તવ્ય છે.


LAST FEW SEATS LEFT HURRY UP..... THE BEST OPPORTUNITY FOR THE YOUNGSTER - FILL THE FORM

Registeration Link : **http://bit.ly/regyouthfest2018**

Last Date : 25th October 2018

**Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise**




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

|| श्री धणी बाबा नमः ||    || श्री कुंथुनाथाय नमः ||    || श्री भलारा दादाय नमः ||



# श्री छ.ग.क.द.ओ. जैन ज्ञाति महाजन संघ
## रायपुर छत्तीसगढ़ का भावभरा निमंत्रण



सुज्ञ ज्ञातिजनो एवं नियाणी बहेनो,

हर वर्ष की तरह इस वर्ष भी

**श्री धणी रामदेव बाबा एवं श्री भलारा दादा**

की सामुहिक पहेडी एवं भक्ति का आयोजन रविवार दि. 21.10.2018 के किया जा रहा है। इस भक्तिमय पेहेडी में हमारी कच्छी संगीत परम्परा की शान पंखावाज वाद्कला द्वारा सुर बिखरेंगे।





श्री अनंत मित्र मंडल, भांडुप, मुंबई के भक्त कलाकार और हमें दादा की भावपूर्ण आराधना करायेंगे। इस आनंदमयी वातावरण में आप सभी को हम सपरिवार समय पर पधारने का निमंत्रण देते हैं।

पधारियेगा ... पधारियेगा ... पधारियेगा ...

पुरुष वर्ग
स्वेत वस्त्र
महिला वर्ग
बांधनी या भरत साड़ी

**कार्यक्रम**

11.00 कलश स्थापना
11.05 पर छबि स्थापना
11.15 संगीतमय भक्ति
12.50 मिनट पर पहेड़ी प्रसाद
12.15 आरती, 12.35 दादा को नैवेद्य अर्पण
12.39 आरती, ततपश्चात प्रसाद (भोजन)

नोंध
पहेड़ी
आरती
का चढ़ावा होगा



भक्ति संगीत
श्री अनंत मित्र मंडल, भांडुप (मुंबई)
कच्छ का प्रसिद्ध पंखावज का भी आनंद लेंगे।



विशेष सहयोग :
**श्री भलारा दादा ट्रस्ट लालपुर**

सहयोग राशि : श्री हरीश शिवजी लोड़ाया (कोषाध्यक्ष)के पास लिखवा दे।

कार्यक्रम व्यवस्था हेतु संपर्क
श्री जयेश कल्याणजी नागड़ा, श्री नितेश उमरशी मैशेरी
श्री भरत नारायणजी मैशेरी, श्री अनिल प्रवीण लोड़ाया

ज्ञातिजनो से सादर निवेदन है, अपने उत्तीर्ण हुए बच्चों के परीक्षाफल शिक्षा सत्र 17-18 खेल एवं कला के क्षेत्र में भी विशेष उपलब्धि के प्रमाण पत्र जिला स्तरीय या उससे उपर हो तो 21.10.2018 तक कार्यालय में अथवा जयेश कल्याणी नागड़ा के पास जरुर से जमा कराएं। उच्च शिक्षा में सफल हुए बच्चों पर प्राप्तांक % की बाध्यता नहीं है। तारीख का ध्यान रखें ताकि पुरस्कारों की समय पर उचित व्यवस्था की जा सकें।

अध्यक्ष
चंद्रेश वीरचंद शाह

सचिव
किशोर मेघजी मोता

# સર્વોદય મંડળ દ્વારા "ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ

ચૈત્ય પરિપાટી એટલે પ્રભુભક્તિ જુદા જુદા દેરાસરે દર્શન કરીને જીવન ધન્ય બનાવવું. અતિ મહત્વના સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે - ચૈત્ય પરિપાટી.

સર્વોદય મંડળ-મુલુંડના નેજા હેઠળ આ વર્ષે પર્યુષણ પર્વ બાદ, ઓક્ટોબર મહિનાના ગુરુવાર તા.૨૫થી શનિવાર તા.૨૭ સુધી ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ - બલસાણા, પારોલા તથા દેવલાલી તીર્થોના દર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

ગુરુવાર તા. ૨૫ની રાતનાં મુલુંડથી બસ દ્વારા બલસાણા તીર્થ તરફ પ્રયાણ. શુક્રવાર તા. ૨૬ના સવારના નવકારશી, દાદાની સેવા-પૂજા અને સામૂહિક ચૈત્યવંદન કરી બપોરે પ્રીતિભોજન બાદ ૨ વાગે પારોલા તીર્થ તરફ પ્રયાણ. પારોલા તીર્થમાં દાદાના દર્શન, સામૂહિક ચૈત્યવંદન બાદ ચૌવિહાર તથા ભાવના અને રાત્રી રોકાણ.

તા.૨૭ના સવારના નવકારશી, દાદાની સેવા-પૂજા અને સામૂહિક ચૈત્યવંદન બાદ પારોલામાં બીરાજમાન પ.પૂ.સા. સંયમગુણાશ્રીજી મ.સા.ને વંદન તથા વ્યાખ્યાન બાદ બપોરના પ્રીતિભોજન લઈ ૧ વાગે દેવલાલી તીર્થ તરફ પ્રયાણ. દેવલાલી તીર્થમાં દાદાના દર્શન, સામૂહિક ચૈત્યવંદન બાદ દેવલાલી તીર્થમાં બીરાજમાન પ.પૂ.સા. શ્રી જયદર્શીતાશ્રીજી મ.સા.ને વંદન બાદ ચૌવિહાર કરી સાંજના ૭ વાગે મુલુંડ તરફ પ્રયાણ. રાતના ૧૧ વાગ્યા સુધીમાં મુલુંડ આગમન.

મંડળ આયોજીત આ ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસમાં બહોળી સંખ્યામાં જોડાવા મુલુંડમાં વસતા ભાવિકોએ નામ નોંધાવવા માટે મહેશ દંડ - ૯૭૬૯૨૬૦૭૩૯ અને હિતેશ નાગડા-૯૮૯૨૧૮૫૨૦૫ નંબર પર સંપર્ક કરવા વિનંતી.






# શ્રી નરેન્દ્ર ચારૂ સંસ્કાર સામયિક મંડળ દ્વારા
# કચ્છ તીર્થ દર્શન ગુરૂ વંદન યાત્રા કરાઈ





શ્રી નરેન્દ્ર-ચારૂ-સંસ્કાર સામાયિક મંડળ (ભાંડુપ) આ વર્ષે ચૈત્ય પરિપાટી રુપે કચ્છ તીર્થ-દર્શન,ગુરુ-વંદન યાત્રાનું આયોજન કર્યું.કચ્છની નાની-મોટી પંચતીર્થી તથા અન્ય તીર્થોના દર્શન-વંદન,પૂજન-ભાવના સાથે મીની શ્રી સમેતશિખરજી તથા સાંયરા તીર્થે શ્રી શંત્રેજ્યની ભાવ યાત્રા(૯૯) માં જોડાઇને ખૂબ જ શાતાપૂર્વક જાત્રા કરી.



## શ્રી નરેન્દ્ર ચારૂ સંસ્કાર સામયિક મંડળ દ્વારા કચ્છ તીર્થ... (૨૬મા પાનેથી ચાલુ)

સાથે ગચ્છાધિપતી અને અન્ય સ્થળોએ બિરાજમાન મુનીભગંવતો તથા સાધ્વીજી ભગવંતોને સાંવત્સરીક વંદના કરી. ત્રણ દિવસમાં ચોવીસ (૨૪) મેમ્બરોએ ચોવીસ(૨૪)તીર્થોની શાતાપૂર્વક જાત્રા કરી. આ જાત્રા દરમ્યાન શ્રી મહાકાલી માતાજીની ભાવના,પ્રભુ ભક્તિ-ભાવના, અષ્ટ પ્રકારી પૂજા, વગેરે વિવિધ ક્રિયામાં ઉત્સાહીત થઇને ભાગ લીધો. દાતા પરીવારનો સાથ-સહકારથી સર્વેની આનંદ સાથે જાત્રા-સુજાત્રા થઇ.





## શ્રધ્ધાંજલિ • ભાવાંજલી



જન્મ
૧૯૩૫

દેહવિલય
૧૧-૧૦-૨૦૧૮

### શ્રી રતીલાલ વાલજી ખોના

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના ભૂતપૂર્વ માનદમંત્રી તથા વર્તમાન વ્યવસ્થાપક સમિતિના સભ્ય, સગપણ સેતુ સમિતિના કન્વીનર જ્ઞાતિએ સામાજિક નેતા/કાર્યકર ગુમાવ્યો છે.
પરમકૃપાળુ પરમ પિતા પરમેશ્વર સદગતના આત્માને પરમ શાંતિ અર્પે તથા કુટુંબીજનોને આવી પડેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના...

**લિ.**
**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**પ્રમુખશ્રી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો,**
**શ્રી અનંતનાથ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ભાવભરી આદરાંજલી**




● અબડાસા તાલુકાના કોઠારા ગામના પશુ દવા ખાનામાં તબીબ ન હોતા. માલધારી પશુપાલકોના ઢોરો જ્યારે બીમાર પડે છે ત્યારે હાલાકીમાં મુકાય છે. કોઠારા ઉપરાંત વાંકુ, વાડા પધ્ધર, પરજાઉ, સાંધવ, ભેદી સહિતના ગામડાઓ માટે કોઠારાનું પશુ દવાખાનું ઉપયોગ છે. છતાં પોલીસ ક્વાર્ટરની પાછળની બાજુમાં પશુ દવાખાનામાં તબીબથી ડુમરા વેટરનટી તબીબને ચાર્જ અપાયો છે. તેમની પાસે અન્ય દવાખાનાનો ચાર્જ હોતા તેમની સેવાનો લાભ આ દવાખાનાને મળતો નથી.

● જામનગર ખાતે રમાયેલી અંડર ૧૭ ટેનિસ ક્રિકેટ સ્પર્ધામાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી રહેલ દેશલપર(વાંઢાય) સ્થિત માતા રમાબાઈ લધા ચોપડા વિદ્યાલય સંચાલિત લક્ષ્મી નારાયણ વિધા પ્રતિષ્ઠાનની ટીમે સુરત શહેરને સાત રનથી માત કરી સતત બીજા વર્ષે રાજ્ય કક્ષાઓ વિજેતા બની છે.

● ભારતીય સેનાની ગોલ્ડન કતાર ડિવિઝન હસ્તકની બોલ્ડ ઈગલ બ્રિગ્રેડ દ્વારા ભુજના આર્મી હેડ ક્વાર્ટર મધ્યે સ્થિત ભુજ આર્મી પબ્લિક સ્કૂલમાં સેનાની ગૌરવવંતી સર્જિકલ સ્ટ્રાઈકની બીજી વર્ષગાંઠે વિવિધ કાર્યક્રમો યોજાયા જેમાં ભારતીય સેના દ્વારા પ્રયોગ કરાતા અલગ અલગ હથિયારો શસ્ત્રો ડ્રીલ વિગેરેની માહિતી સેનાની વર્દીમાં સુસજ્જ ફોજીઓ દ્વારા અપાઈ હતી.

● મુંબઈની સડકો ગણેશ વિર્સજનના દિવસે લોકોની હકડેઠ ભરાયેલી હોય છે. આ સૌની સુરક્ષા માટે પોલીસ, ટ્રાફિક વિભાગ, ફાયર બ્રિગેડ, એસ.આર.પી. ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ દિવસ રાત ખડે પગે ડ્યૂટી બજાવે છે. દૂર દૂરથી રહેતા આ લોકો સતત તણાવ ભર્યા વાતાવરણમાં ફરજ બજાવે છે તેમની ચા-પાણી, નાસ્તા, ભોજનની વ્યવસ્થા છેલ્લા ૧૭ વર્ષથી કરસનદાસ નાથા ટ્રસ્ટ ભાટિયા બિલ્ડીંગ પ્રાર્થના સમાજમાં ૧૭ થી ૨૦ જણનું ગ્રુપ આયોજન કરે છે. વિનામૂલ્ય અને નિઃસ્વાર્થ ભાવે આ સેવાનો લાભ ૧૫૦૦ જેટલા સરકારી કર્મચારીઓ કે જેઓ કર્જત, કસારા, નાસિક-પનવેલ, ખપોલી, થાણા, વસઈ, વિરારથી આવે છે તેઓ લાભ લે છે.

● માધાપરની વિકલાંગ કન્યાકુંજ સંચાલક નવચેતન સંઘજન મંડળ દ્વારા દાતા જીજ્ઞાબેન ઠક્કર ના સહયોગથી લાયોનેસ કલબ ઓફ ભુજ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો હતો. જેમાં ૬ થી ૮ વર્ષની વિકલાંગ મૂકબધિર બાળાઓની સર્જરીમાટે સુરેન્દ્ર નગર ખાતે મફત સર્જરી કરી અપાશે. કુલ ૧૧૪ દિવ્યાંગ કન્યાઓનું ચેકઅપ કરાયું. જે વિદ્યાર્થીનીને ટ્રીટમેન્ટ ભલામણ કરાઈ છે. તેમને લાયોનેસ હોસ્પિટલ ભુજમાં યોગ્ય સારવાર આપવામાં આવશે.

● માતાના મઢના પદયાત્રીઓ માટે સતત ૧૨ મા વર્ષે ભુજ આર.ટી.એ.સાઈટ પર નમો સેવાકેમ્પ અટલ ધામ નામે વાતાનુકુલિત ડોમમાં શરૂ કરયો છે. મુખ્ય દાતા લીલાવંતીબેન જેઠાલાલ ઉકેડા ઠક્કર મામોટીયા, ડુમરાવાળા છે. આયોજન માટે ભાવેશ લક્કી સેવાકેન્દ્ર, રાજપૂત કરણી સેના કચ્છ અને લક્કીગ્રુપ ભુજનો સહયોગ મળ્યો છે.

● આંતરરાષ્ટ્રીય સ્તરે નામના પ્રાપ્ત ભુજ-ભચાઉ માર્ગ પરના અજરખપુર ગામમાં દેશ-વિદેશથી કળા પ્રેમીઓ પરંપરાગત વસ્ત્રો માટેનું રો મટીરિયલ ખરીદવા ભીડ જમાવે છે. કચ્છી ટ્રેડિશનલ ચીજ વસ્તુઓના કાપડ, મેચિંગ-મિક્સ મેચિંગ માટે સવાર સાંજ મોટી સંખ્યામાં ગ્રાહકો ઊમટી પડે છે. અહીં કુદરતી રંગો સાથે તૈયાર થતા લુંગી, ચાદર, શાલ, બાંધણી, ચણિયા ચોળી, પીલોકવર અને ડ્રેસ મટીરિયલની દેશ દુનિયામાં સારી માંગ રહે છે.

● ભુજ તાલુકાના પધ્ધર, કાળી તલાવડી, ચપરેડી તેમજ મિંયાણી પટ્ટીના ગામડાઓમાં કપાસનું વાવેતર કરનાર મહેતાને વરસાદના અભાવને લીધે સૂકાતા પાક ને લીધે ખેડૂતોને રોવાના દિવસો આવ્યા છે.

# સાંધવ નગરે પર્યુષણ પર્વની ધર્મ આરાધના

સાંધવનગરે કલ્પસુત્ર (પોથી) પધરાવવાનું લાભ ૩૩૩૩/- મણમાં અને શ્રી મહાવીર પ્રભુનું પારણું ૫૫૫૫/- મણમાં ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ હસ્તે અ.સૌ.નિલમ અનીલ દંડ ગામ મંજલ રેલડીયા-ભાંડુપ પરિવારે લીધેલ. પ.પૂ.મ.સા.ને કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ ૧૫૦૦ મણમાં માતુશ્રી કાંતાબાઈ જીવરાજ મોતા-વારાપધર ઈન્દોરવાળાએ લીધેલ. પ.પૂ.મ.સા. ને બારસા સૂત્ર વહોરવવાનો લાભ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર કોઠારાએ ૫૧૫૧ મણમાં લીધેલ, સ્વપ્નાનું કુલ ધૃતમણ ૩,૭૯,૨૩૪/- મણ થયેલ. ટોટલ ધૃતમણ ૪,૭૬,૯૩૮/- મણ થયેલ. પ્રભુજીનું પારણું ઝુલાવવાનો લાભ ૧૧૦૦૦ મણમાં માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ પરિવારે લીધેલ. છઠના દિવસે રંગમંડપ ખોલવાનો લાભ ૪૪૪૪ મણમાં કું. જીલ રાજેશ દામજી દંડ ભાંડુપ પરિવારે તથા પ્રભુજીનો ગંભારો ખોલવાનો લાભ ૭૨૨૨ મણમાં અ.સૌ. યજ્ઞા જયેશ લોડાયા, અ.સૌ.સ્મીતા સંદિપ લોડાયા, અ.સૌ. પ્રિયા વિપુલ લોડાયા (પટેલ) લાભ લીધેલ.

કુમારપાળ રાજા બનાવવાનો લાભ ૪૧૪૧ રૂ.માં અનીલ ચત્રભોજ દંડ-મંજલ રેલડીયાએ લીધેલ. શાલીભદ્રની પેટી ઘરે પધરાવવાનો લાભ ૨૫,૧૨૫/- રૂપિયામાં વિરચંદ મેઘજી ખોના પરિવારે લીધેલ. પર્વ દરમિયાન સાર્ધમિક ભક્તિના લાભ મુંબઈના એક સદગૃહસ્થ પરિવારે લીધેલ. જીવદયા નિમિત્તે પર્વ દરમિયાન રોજની બે ગાંસડી લેખે ૯ દિવસના રૂ.૧૮૦૦૦/- માતુશ્રી કાંતાબાઈ જીવરાજ મોતા-વારાપધર-ઈન્દોરે લીધેલ. પાંચ પ્રભુજીની ભવ્યાતી ભવ્ય અંગરચના ૮ દિવસ માટે શ્રી દામજી નરશી દંડ પરિવાર, કસ્તુરીબેન લાલજી પટેલ અને માતુશ્રી કાંતાબાઈ જીવરાજ મોતા-વારાપધરવાળાએ લાભ લીધેલ. ભુજથી સાંધવ અને સાંધવથી ભુજ પંચતીર્થી કરાવવાનો લાભ માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા અને માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ પરિવારે લીધેલ. દાદરથી-ભુજ અને ભુજથી બાંદ્રા ટ્રેનના ટીકીટના લાભાર્થી પરિવાર સાંધવના શિરોમણી શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર અને સાંધવ ગૌરવ શેઠશ્રી શામજી નરશી દંડ પરિવારે લીધેલ. ચાર્તુમાસના લાભાર્થી પરિવાર અ.સૌ.મીનાબેન શામજી માણેકજી લોડાયા પરિવાર-થાણા, ટ્રેનમાં નાસ્તાના લાભાર્થી પરિવાર માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર અને ટ્રેનમાં ચૌવિહારના લાભાર્થી માતુશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા પરિવાર હસ્તે ભવાનજીભાઈ.




**નવા/બદલાયેલા/સરનામા/ફોન - (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **પંકજ કે. ખોના** | સી-૧૮૦૨, એશફોર્ડ રોયલે, સાઉથ સેમ્યુઅલ રોડ, મુલુંડ ગોરેગાવ લિંક રોડની સામે, નાહુર (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮. ફોન : ૦૨૨-૨૦૮૧૩૧૮૨ |

# જીવન ઘટમાળ

## ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૮-૨૦૧૮ | વર્ધમાનનગર | ફેનીલ મહેન્દ્ર પદમશી લોડાયા | કોઠારા | ૨૫ |
| | કોઠારા | રિધ્ધી દિનેશ નવીનચંદ્ર મોતા | કોઠારા | ૨૪ |

## ● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૦-૨૦૧૮ | નાહુર | કુશ હિરેન લક્ષ્મીચંદ નાગડા | જખૌ | ૨૫ |
| | ચેમ્બુર | અદિતિ ઉત્કલ રતનશી ગડા | બાડા | ૨૪ |
| ૧૧-૧૦-૨૦૧૮ | મુલુંડ | શ્રેણીક શાંતિલાલ કેશવજી લોડાયા | સાંયરા | ૨૫ |
| | મુલુંડ | નીશા હરીશકુમાર ભગીરથપ્રસાદ ગઢવાલ | બનાપુરા | ૨૫ |

## ● મરણ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૮-૧૦-૨૦૧૮ | પુના | વિજય મેઘજી લોડાયા | ગોરખડી | ૬૫ |
| ૮-૧૦-૨૦૧૮ | મુલુંડ | જેઠાલાલ પાશ્વીર ખોના | સુથરી | ૭૭ |
| ૯-૧૦-૨૦૧૮ | નાલાસોપારા | મિતેશ પ્રફુલ ધરમશી | કોઠારા | ૩૬ |
| ૧૧-૧૦-૨૦૧૮ | માટુંગા | રતીલાલ વાલજી ખોના | નલીયા | ૮૨ |
| ૧૨-૧૦-૨૦૧૮ | મુલુંડ (પૂ) | દિનેશચંદ્ર કુંવરજી સાયલા | સુથરી | ૭૩ |

**જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ**

**www.kdosamastamahajan.org**







**આમાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# HEARTY CONGRATULATION

## PANKIT MULCHAND MOTA







**SON OF ASHA & MULCHAND M.MOTA**

GAAV-VANKU (AIROLI, MUMBAI)
Age : 24 Years
Education : Completed B pharmacy Degree
From Oriental College of Pharmacy

**WON PAYS DE CHARLEROI
HELD AT CHARLEROI, BELGIUM
FROM 28 TH JULY TO 4TH AUGUST**

**SCORED 7.5/9 AND FINISHED CLEAR
FIRST OUT OF 101 PARTICIPANTS
FROM 8 COUNTRIES**



ALSO PLAYED IN BARCELONA, SPAIN WHERE
THERE WERE 420 PARTICIPANTS FROM 49 COUNTRIES
SCORED 6.5/10 AND FINISHED
FIRST IN BELOW 2100 CATEGORY

# NOW SAVE UPTO 99%# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL


**Gyatimaiya**
Weekly E-magazine